પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૭૫ • કુલ પાના : ૪ • તારીખ : ૨૧-૦૩-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### ભારત-જાપાન વચ્ચે ૧૪મું વાર્ષિક સંમેલન

## જાપાન આગામી પાંચ વર્ષમાં બૂલેટટ્રેન સહિતના ભારતના જુદા-જુદા ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં અંદાજે ૩.૨૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે

નવીદિલ્હી,

ભારત-જાપાન વચ્ચે ૧૪મું વાર્ષિક સંમેલન યોજાયુ હતું જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદા પ્રથમ વખત ભારતની બે દિવસની મુલાકાતે આવ્યા હતા. બંને દેશોના વડાપ્રધાનો વચ્ચે બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન ભારત-જાપાન વચ્ચે છ કરારો થયા હતા. કરારો પ્રમાણે જાપાન ભારતમાં બૂલેટટ્રેન સહિતના વિવિધ પ્રોજેકટમાં ૩.૨૦ લાખ કરોડનું રોકાણ કરશે.

ભારત-જાપાન વચ્ચે ૧૪મું વાર્ષિક સંમેલન યોજાઈ રહ્યું છે. તેમાં ભાગ લેવા જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદા ભારત આવ્યા હતા. ફુમિયો વડાપ્રધાન બન્યા એ પછી તેમની આ પ્રથમ ભારતયાત્રા છે. ફુમિયો કિશિદા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ ક્ષેત્રના છ કરારો થયા હતા. એ કરારો પ્રમાણે જાપાન આગામી પાંચ વર્ષમાં બૂલેટટ્રેન સહિતના ભારતના જુદા-જુદા ડેવલપમેન્ટ પ્રોજેકટમાં ૪૨ અબજ ડોલર એટલે કે અંદાજે ૩.૨૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

બંને દેશોના વડાપ્રધાનોનું



એક સંયુક્ત નિવેદન રજૂ થયું હતું. એમાં કહેવામાં આવ્યું હતું કે ભારત-જાપાન વચ્ચે થયેલા નવા કરારોથી બંને રાષ્ટ્રોને આર્થિક મજબૂતી તો મળશે જ, સાથે સાથે હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ-સલામતી, સમૃદ્ધિ અને સ્થિરતા આવશે.

બંને દેશોના વડાપ્રધાનો વચ્ચે આર્થિક ઉપરાંત સાંસ્કૃતિક અને આંતરરાષ્ટ્રીય રાજનીતિ બાબતે ચર્ચા થઈ હતી. ખાસ તો યુક્રેન-રશિયાના યુદ્ધ બાબતે ચર્ચા થઈ હતી. યુક્રેન-રશિયાએ સંવાદથી યુદ્ધનો ઉકેલ લાવવો જોઈએ એવો મત બંને દેશોના વડાપ્રધાનોએ વ્યક્ત કર્યો હતો. કિશિદાના નિવેદનમાં કહેવાયું હતું કે આગામી થોડાક મહિનામાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મળીને કવાડ દેશોના શિખર સંમેલનને સફળ બનાવવા કામ થશે. કિશિદાએ બંને દેશોની ભાગીદારીને વિશેષ ગણાવી હતી.

ઉલ્લેખનીય છે કે બંને દેશો વચ્ચે છેલ્લું શિખર સંમેલન જાપાનમાં ૨૦૧૮માં યોજાયું હતું. સાડા ત્રણ વર્ષના અંતરાળ પછી આ સંમેલન યોજાયું હતું. આ વર્ષ ભારત-જાપાનના રાજદ્વારી સંબંધોનું ૭૦મું વર્ષ હોવાથી બંને દેશોએ સંબંધો વધારે મજબૂત બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

આ દરમિયાન જાપાનના પીએમે કહ્યું કે બંને દેશોએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે પ્રયાસો વધારવા જોઈએ. જાપાન ભારત સાથે યુદ્ધ સમાપ્ત કરવા અને યુક્રેન અને તેના પડોશીઓને ટેકો પૂરો પાડવા માટે સતત પ્રયત્નશીલ રહેશે. તેમણે કહ્યું કે બળનો ઉપયોગ કરીને સ્થિતિને બદલવાના એકતરફી પ્રયાસોને મંજૂરી આપવી જોઈએ નહીં. ‘‘અમે યુક્રેનની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી, અને રશિયન હુમલો એક ગંભીર બાબત છે, કારણ કે તેણે આંતરરાષ્ટ્રીય ધોરણોને હચમચાવી નાખ્યા છે.

આ દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું કે, પીએમ કિશિદા અને ભારતના જૂના મિત્ર રહી ચૂક્યા છે. જ્યારે તેઓ જાપાનના વિદેશ પ્રધાન હતા, ત્યારે મને તેમની સાથે મંતવ્યોની આપ-લે કરવાની તક મળી હતી. સાયબર સુરક્ષા, ક્ષમતા નિર્માણ, માહિતીનું આદાન-પ્રદાન અને સહયોગ જેવા ક્ષેત્રોમાં સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ભારત અને જાપાન સુરક્ષિત, ભરોસાપાત્ર, આશાવાદી અને સ્થાયી ઊર્જાનાં પુરવઠાનાં મહત્ત્વને સમજે છે.

## ગુજરાતમાં ગરમીનો પ્રકોપ યથાવત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છમાં યેલો એલર્ટ

અમદાવાદ,

દેશના લગભગ તમામ ભાગોમાં તાપમાનમાં વધારો થતાં દિવસેને દિવસે ગરમી વધી રહી છે. ઉનાળાએ તેની અસર દેખાવાનું શરૂ કરી દીધું છે. તાપમાનમાં આ સતત વધારાને કારણે લોકો પરેશાન થઈ રહ્યા છે.ત્યારે ગુજરાતમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે.ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છમાં યેલો એલર્ટ જાહેર કરાયું છે. ત્યારે ગુજરાતનાં કેટલાક જિલ્લામાં તાપમાનમાં વધારો નોંધાયો છે. અને ગરમીનું પ્રમાણ ૪૦ ડિગ્રી પાર પહોંચ્યું છે.અને રાજયનો સૌથી વધુ ગરમ જિલ્લો અમરેલી રહ્યો છે. અને અમરેલીનું તાપમાન ૪૨ ડિગ્રી નોંધાયું છે. જ્યારે અમદાવાદ ૪૧, ગાંધીનગર ૪૧, રાજકોટમાં ૪૧, ભુજમાં ૪૧, કંડલામાં ૪૧, કેશોદમાં ૪૧, ડીસામાં ૪૧, વડોદરા ૪૦, વલ્લભવિદ્યાનગરમાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જોકે, આવતીકાલથી સમુદ્રી પવન ફૂંકાતા ગરમીમાં ઘટાડો નોંધાશે.પરંતુ ૨૮ માર્ચ બાદ ફરી ગરમીનું જોર વધવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ધીમી ધીમી ઉનાળો જામ્યો હોય તેમ થોડા દિવસથી આકાશમાંથી અગનવર્ષા થતી હોય તેવી અનુભવ લોકો કરી રહ્યાં હતાં.જો કે તેમાં પણ શનિવારે થોડી રાહત જોવા મળી હતી.અને મહત્તમ તાપમાન ૩૯.૧ જ્યારે લઘુતમ તાપમાન ૧૯.૧ રહ્યું હતું જ્યારે ભેજનું પ્રમાણ ૬૨,૬૩ અને પવનની ગતિ ૪.૬ જોવા મળી હતી. કૃષિ હવામાન વિભાગમાંથી મળતી વિગત મુજબ,ગરમી ઓછી થતા ઉનાળુ પાક કે જેમનું વાવેતર થઈ ચૂક્યું છે. તેમને ફાયદો થશે એક તો પિયત ઓછું આપવું પડશે ઉપરાંત હાલ ઋતુ સારી હોય જેથી ખેડૂતો ઉનાળુ પાકનું વાવેતર પણ કરી શકે છે.

## કાયદાના શાસન માટે સાર્વત્રિક આદર સુનિશ્ચિત કરવાની છે : ભારતના મુખ્ય ન્યાયાધીશ

નવીદિલ્હી,

ભારતના મુખ્ય ન્યાયાધીશ એનવી રમનાએ કાયદાના શાસન પર ભાર મૂકતી સંસ્થાઓના મહત્વને રેખાંકિત કરતાં કહ્યું હતું કે, ગ્લોબ્લાઈઝડ દુનિયામાં વિશ્વાસ જગાડી શકે છે. મુખ્ય ન્યાયાધીશે દુબઈમાં વૈશ્વિકરણના યુગમાં આર્બિટ્રેશન પરની આંતરરાષ્ટ્રીય પરિષદની ચોથી આવૃત્તિમાં તેમના ઉદ્દઘાટન સંબોધનમાં જણાવ્યું હતું કે સાચા વૈશ્વિકરણને હાંસલ કરવા માટેની પૂર્વ શરત કાયદાના શાસન માટે સાર્વત્રિક આદર સુનિશ્ચિત કરવાની છે. કાયદાના શાસન પર ભાર મૂકતી સંસ્થાઓનું નિર્માણ કરીને જ વૈશ્વિકીકરણની દુનિયામાં વિશ્વાસ કેળવી શકાય છે. મુખ્ય ન્યાયાધીશે કહ્યું, હું જ્યાં પણ મુસાફરી કરું છું ત્યાં મને વારંવાર પૂછવામાં આવે છે કે ભારતીય ન્યાયતંત્ર કેવી રીતે રોકાણકારોને અનુકૂળ છે. મારો જવાબ હંમેશા એક જ હોય છે તમે ભારતીય ન્યાયતંત્રને તેની સંપૂર્ણ સ્વતંત્રતા



માટે અને તેની આંતરિક બંધારણીય શક્તિ માટે સમાન રીતે વર્તે તેના પર વિશ્વાસ કરી શકો છો. તેમણે કહ્યું કે આર્બિટ્રેશન અને કાયદાનું શાસન એકબીજા સાથે વિરોધાભાસી નથી કારણ કે બંનેનો ઉદ્દેશ ન્યાયની શોધ પર છે. સીજેઆઈએ કહ્યું કે ભારતમાં અદાલતો તેમના આર્બિટ્રેશન સ્ટેન્ડ માટે જાણીતી છે. ભારતની ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર, તમામ સ્તરે, આર્બિટ્રેશન લેન્ડસ્કેપમાં સુધારો કરવા અને દેશમાં બિઝનેસ કરવામાં સરળતા માટે પ્રતિબદ્ધ છે.

## ઈઝરાયલના વડાપ્રધાન નફ્તાલી બેનેટ ૨ એપ્રિલે ભારત આવશે

નવીદિલ્હી,

ઈઝરાયલના વડાપ્રધાન નફતાલી બેનેટ ૨ એપ્રિલે ભારતની મુલાકાતે આવી રહ્યા છે. નફતાલી બેનેટે કહ્યુ છે કે ભારત અને ઈઝરાયલની વચ્ચે સંબંધ પરસ્પર સાર્થક સહયોગ પર આધારીત છે. વડાપ્રધાન નફતાલી બેનેટે કહ્યુ છે કે તે બંને દેશોની વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની ૩૦મી વર્ષગાંઠને ચિન્હિત કરવા માટે એપ્રિલના પ્રથમ સપ્તાહમાં ભારતની મુલાકાત કરશે. આ મુલાકાતનો ઉદેશ્ય બંને દેશોની વચ્ચે ઈનોવેશન અને ટેક્નોલોજી, સિક્યોરિટી અને સાઈબર જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવાનો છે.

આ સિવાય મુલાકાતનો ઉદેસ્ય કૃષિ અને જળવાયુ પરિવર્તનના ક્ષેત્રોમાં ચાલી રહેલા સહયોગનું વિસ્તરણ કરવાનો પણ છે. ઈઝરાયલના વડાપ્રધાનના વિદેશી મીડિયા સલાહકારે એક નિવેદનમાં કહ્યુ છે



કે વડાપ્રધાન નફતાલી બેનેટ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નિમંત્રણ પર શનિવારે ૨ એપ્રિલ ૨૦૨૨ના રોજ ભારતની પોતાની પહેલી સત્તાવાર મુલાકાત કરશે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને નેતાઓની પહેલી મુલાકાત ગત ઓક્ટોબરમાં ગ્લાસગોમાં સંયુક્ત રાષ્ટ્ર જળવાયુ પરિવર્તન સંમેલનથી અલગ થઈ હતી. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બેનેટને ભારતની સત્તાવાર યાત્રા માટે આમંત્રિત કર્યા હતા. તેમાં કહેવામાં આવ્યું હતું કે આ યાત્રા દેશો અને નેતાઓની વચ્ચે મહત્વપૂર્ણ સંબંધોની પુષ્ટિ કરશે. તેની સાથે જ ઈઝરાયલ અને ભારતની વચ્ચે સંબંધોની સ્થાપનાની ૩૦મી વર્ષગાંઠને પણ ચિન્હિત કરશે. નફતાલી બેનેટે પોતાની ભારત યાત્રાને લઈને ખુશી વ્યક્ત કરી છે. મહત્વપૂર્ણ છે કે તેઓ ૨ એપ્રિલથી ૫ એપ્રિલ સુધી ભારતની ચાર દિવસની મુલાકાતે આવશે.

અહીં ઈઝરાયલના વડાપ્રધાન નફતાલી બેનેટે ખુશીથી કહ્યું કે, ‘‘મોદીએ ભારત અને ઈઝરાયલ વચ્ચેના સંબંધોને ફરી શરૂ કર્યા અને તેનું ઐતિહાસિક મહત્વ છે. અમારી બે અનન્ય સંસ્કૃતિઓ – ભારતીય સંસ્કૃતિ અને યહૂદી સંસ્કૃતિ વચ્ચેના સંબંધો ઊંડા છે અને તે ઊંડા પ્રશંસા અને ફળદાયી સહકાર પર આધારિત છે.’’ તે જ સમયે, ઈઝરાયેલના વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, ‘‘અમે ભારતીયો પાસેથી ઘણી વસ્તુઓ શીખી શકીએ છીએ અને તે જ કરવાનો પ્રયાસ કરીએ છીએ. અમે સાથે મળીને ઈનોવેશન અને ટેક્નોલોજી, સુરક્ષા અને સાયબર, કૃષિ અને ક્લાઈમેટ ચેન્જ સહિતના ક્ષેત્રોમાં અમારો સહયોગ વિસ્તારીશું. અમે ટૂંક સમયમાં ભારત પહોંચવા માટે આતુર છીએ.’’




મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં રાજયમંત્રીએ સુજલામ સુફલામ જળ અભિયાનના પાંચમા તબક્કાનો મોટી ખરસોલી સિંચાઇ તળાવ, લલકપુર ગામેથી કરાવ્યો શુભારંભ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં સંતરામપુર તાલુકાના લલકપુર ગામે મોટી ખરસોલી સિંચાઇ તળાવ ખાતે સુજલામ સુફલામ જળ અભિયાનના પાંચમા તબક્કાનો ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્ય કક્ષા મંત્રી કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાના જળ અભિયાનનો શુભારંભ કરાયો હતો.

આ કાર્યક્રમમાંપંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ,જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર,લુણાવાડા ધારાસભ્ય જિગ્નેશભાઈ સેવક, જિલ્લા કલેકટર મનીષકુમાર, ઈનચાર્જ જિલ્લા વિકાસ અધિકારી જે.કે.જાદવ, નાયબ વન સંરક્ષક ચૌધરી, પદાધિકારીઓ, અધિકારીઓ, સરપંચઓ, અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં તળાવ ઉંડુ કરવાની કામગીરીનું પુજા વિધી કરી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. ઉપસ્થિત મહાનુભાવો અને ગ્રામજનોએ જળ સંચય અભિયાન અંગેની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ નિહાળી હતી.

રાજયમંત્રી કુબેરભાઈ ડિડોરે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા લોક સહયોગથી રાજ્ય સમસ્તમા આ અભિયાનનો શુભારંભ થઈ રહ્યો છે. આ દરમિયાન સ્વૈચ્છીક, સામાજિક, અને શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી સુજલામ- સુફલામ જળ અભિયાન હેઠળ છેલ્લાં ચાર વર્ષમાં મળેલ સફળતાને આગળ ધપાવતા ચાલુ વર્ષે સમગ્ર રાજયમાં આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આવનારી ભવિષ્યની પેઢીને પાણીથી સભર બનાવવા માટેનું આ જળ અભિયાન છે.પાણીનું જળ ચક્ર વિક્ષેપિત થવાને કારણે આજે વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણને લગતી સમસ્યાઓ ઉદભવી છે. આ પાણીના ચક્રને ફરીથી સુનિયોજિત કરવાં માટે આ અભિયાન ખૂબ જ ઉપયોગી બની રહ્યું છે.સુજલામ – સુફલામ જળ અભિયાનએ ધરતીને નવપલ્લવિત કરવાં સાથે ભવિષ્યની પેઢીને સુરક્ષિત કરવાનું જન અભિયાન બની રહેશે.

જિલ્લામાં આ અભિયાનની ફળશ્રુતિ લોકો સમક્ષ મૂકતા કહ્યું હતુ કે,વર્ષ ૨૦૧૮થી છેલ્લા ચાર વર્ષમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત જળસંચયના રૂ.૮૪૦.૯૩ લાખના વિવિધ ૬૪૦ કામો કરવામાં આવ્યા હતા જેનાથી પાણીના સંગ્રહમાં વધારો થવાથી ભૂગર્ભ જળ સ્તર ઉંચા આવ્યા, સિંચાઈ વ્યવસ્થા સુદ્રઢ થવાથી ખેત ઉત્પાદનમાં વધારો થયો અને પાણી સમસ્યા મહદઅંશે હલ થઈ છે.

મહીસાગર જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૨૨ અંતર્ગત જળ સંપત્તિ વિભાગ, વન અને પર્યાવરણ, શહેરી વિકાસ, ગ્રામ વિકાસ એજન્સી, જળસ્રાવ વિકાસ વિભાગો દ્વારા રૂ.૯૫૬.૦૯ લાખના વિવિધ ૩૨૭ કામોનું આયોજન કરાયું છે.

આ કામગીરીમાં તળાવો ઉંડા કરવા, નહેરોની સાફસફાઈ, ચેકડેમ ડીસીલ્ટિંગ, કાંસ-કોતરોની સાફ સફાઈ, તળાવ વેસ્ટ વિયર રિપેરીંગ, તળાવ પાળા મજબૂતીકરણ, વન તલાવડી, પાણીની ટાંકી, સંપ, ફિલ્ટર પ્લાન્ટ, વરસાદી ગટર, એર વાલ્વની સાફ સફાઈનો સમાવેશ થાય છે.


આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ અને ધારાસભ્ય લુણાવાડાએ પ્રાસંગીક ઉદબોધનમાં જિલ્લામાં સુજલામ-સુફલામ જળ અભિયાન હેઠળ જળ સંચય અને જળ સંગ્રહના વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા હતા જેના ખૂબ સારા અને સકારાત્મક પરિણામો મળ્યાં છે તેમ જણાવ્યુ હતું.

મોટી ખરસોલી સિંચાઇ તળાવની સ્ટોરેજ ક્ષમતા ૧૧૬.૨૫ એમ.સી.એફ.ડી છે. જે પૈકી ૧૪.૪૦ એમ.સી.એફ.ટી મૃત જજથો અને ૧૦૧.૮૬ એમ.સી.એફ.ટી. જીવંત જજથો છે. આ તળાવની કેનાલની કુલ લંબાઇ ૮.૦૦ કી.મી. છે. જે પૈકી ૪.૦૦ કી.મી. મુખ્ય કેનાલ અને ૪.૦૦ કી.મી. પેટા નહેર આવેલ છે. જેના દ્વારા નીચવાસમાં આવેલ ગામો ખરસોલી, ઐંદ્રા, ભૂખી, સામંતવાડા, બુધપુર, મહાપુર, પાનખણઅને માલવણને ૫૮૪.૦૦ હેક્ટર જમીનમાં સિંચાઈનો લાભ આપવામાં આવે છે.

આ કાર્યક્રમના પ્રારંભે કાર્યપાલક ઈજનેર એસ.ડી.ગામીતે સ્વાગત પ્રવચન અને આભાર વિધી લલકપુર ગામના સરપંચ મનસુખભાઇ બારીયાએ કરી હતી. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી કૌશિક જાદવ, અગ્રણી રાવજીભાઇ પટેલ, પ્રદિપસિંહ રાઠોડ, જિલ્લા પંચાયત સભ્ય નંદાબેન ખાંટસહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## નદીમાં ન્હાવા પડેલા ૧૨ ડૂબ્યા, ૧૦ ના મોત

# ધૂળેટીની ઉજવણી વચ્ચે મહિસાગરમાં ૫, ખેડામાં ૨ અને દ્વારકામાં ૫ સહિત કુલ ૧૨ લોકોના ડૂબવાની ઘટના





લુણાવાડા,
રંગોનો તહેવાર એટલે હોળી-ધૂળેટી. કોરોના મહામારીને કારણે છેલ્લા બે વર્ષથી આ રંગોનો તહેવાર ફિક્કો પડ્યો હતો. ત્યારે કોરોનાના કેસ ઘટતા અને સરકાર દ્વારા તહેવારની ઉજવણી માટે છૂટછાટ આપવામાં આવતા આ વર્ષે સમગ્ર રાજ્યમાં લોકો ધૂળેટીના તહેવારની હર્ષોલ્લાસ સાથે એકબીજાને રંગ લગાવી ઉજવણી કરી રહ્યા હતા. ત્યારે આ ઉજવણી વચ્ચે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૫, ખેડા જિલ્લામાં ૨ અને મહિસાગર જિલ્લામાં ૫ સહિત કુલ ૧૨ લોકોના ડૂબવાની ઘટના સામે આવી છે. ત્યારે આ ઘટનામાં કુલ ૧૦ લોકોના મોત નિપજ્યા છે જ્યારે હજુ પણ ૨ લોકોની શોધખોળ ચાલી રહી છે.

મહિસાગર જિલ્લામાં બે અલગ-અલગ સ્થળ પર નદીમાં ન્હાવા પડેલા કુલ પાંચ યુવાનો ડૂબ્યા હોવાનું જાણવા મળ્યું હતું. કઠલાલથી ચાર યુવાનો વણાંકબોરી ડેમ ન્હાવા માટે આવ્યા હતા. જ્યાં આ ચારે યુવાન ડૂબ્યા હતા. જેમાંથી બે યુવાનોના મોત થયા છે. ઘટનાને પગલે બાલાસિનોર પીઆઈ સહિત તમામ પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તો બીજી તરફ મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ઢેસિયા ગામનો યુવાન હાડોળમાં ડૂબ્યો હોવાની સામે આવ્યું છે. આ સાથે નદીમાં ન્હાવા પડેલા કુલ પાંચ યુવાનોમાંથી ત્રણના મોત નિપજ્યા છે. જ્યારે અન્ય બે યુવાનોની શોધખોળ ચાલી રહી છે. જો કે, પોલીસ દ્વારા મૃતકોના મૃતદેહને પીએમ અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ધૂળેટી પર્વ પર દેવભૂમિ દ્વારકાના ભાણવડ નજીક ત્રિવેણી નદીમાં ૫ કિશોર ન્હાવા ગયા હતા. તે દરમિયાન ૫ કિશોર ડૂબી જવાથી મોત નિપજ્યા હતા. જો કે, ૫ કિશોરના ડૂબી જવાની જાણકારી મળતા પોલીસ સ્ટાફ તેમજ નગરપાલિકાનો સ્ટાફ ઘટના સ્થળ પર દોડી આવ્યો હતો અને સ્થાનિક તરવૈયાઓ દ્વારા રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે, પાંચે કિશોરોના ડૂબી જવાથી મોત થતાં પરિવારજનોમાં તહેવાર માતમ છવાયો હતો.

દ્વારકા જિલ્લાના ભાણવડ ખાતે ત્રિવેણી નદીમાં ડૂબી જવાથી ૧. જીતુ ભરતભાઈ કવા (ઉ.વ-૧૬) રહે શિવનગર, ૨. હેમાંશું ભરતભાઈ રાઠોડ (ઉ.વ ૧૭) રહે ખરાવાડ, ૩. ભૂપેન્દ્ર મુકેશબાઈ બગડા (ઉ.વ ૧૬) રહે રામેશ્વર પ્લોટ, ૪. ધવલ ભાણજીભાઈ ચંડેગરા, રહે શિવનગર અને ૫. હિતાર્થે અશ્વિંગીરી ગોસ્વામી (ઉ.વ ૧૬) રહે શિવનગર ના મોત નિપજ્યા છે.

ખેડા જિલ્લાના વસો તાલુકાના ઝારોલ ગામે બે સગા ભાઈના ડૂબી જવાથી મોત થયા છે. ધૂળેટી પર્વ પર બંને કિશોર ગામના તળાવમાં ન્હાવા ગયા હતા અને તે દરમિયાન પાણીમાં ડૂબી જવાથી તેમનું મોત નિપજ્યું છે. પ્રિતેશ અજીતભાઈ સોલંકી (ઉ.વ ૧૫) અને સાગર અજીતભાઈ સોલંકી (ઉ.વ ૧૪) નામના બંને કિશોરોના ડૂબી જવાથી મોત નિપજ્યા છે.

જો કે, ઘટનાની જાણ થતા પોલીસ સ્ટાફ સ્થળ પર પહોંચી ગયો હતો. ત્યારબાદ સ્થાનિક તરવૈયાઓ દ્વારા બંને કિશોરોના મૃતદેહને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જે બાદ પોલીસ દ્વારા બંને કિશોરોના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે આ બંને બાળકોની પીએમની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ટેકાના ભાવે ખરીદી મણના ૧૦૪૬ના ટેકાના ભાવે ચણાની ખરીદી શરૂ



વિરપુર,
વિરપુર તાલુકામાં આજથી APMC માર્કેટિંગ યાર્ડ ખાતે ગુજકોમાસોલ દ્વારા ટેકાના ભાવે ચણાની ખરીદીનો પ્રારંભ થયો છે. જેમાં APMCના માર્કેટિંગ યાર્ડ ચેરમેન સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં શ્રીફળ વિધિ કરી આ ટેકાના ભાવની ચણાની ખરીદીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. રવિસિઝનના પાકોના વાવેતરને લઈને ખેડૂતોને ખેત ઉપજના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે સરકાર દ્વારા ચણા, તુવેર અને રાયડાના લઘુત્તમ ટેકાના ભાવો નિર્ધારીત કરી પોષણક્ષમ ભાવે ખરીદી કરવાનો નિર્ણય લીધો છે. જેને લઈને વિરપુર તાલુકાના શિયાળુપાકની ખેતી કરતા ખેડૂતોમાં ટેકાના ભાવ મળી રહેવાની આશા જાગી છે. વિરપુર તાલુકાના ત્રણેય ખેતસિઝન પકવતા ખેડૂતોને કેટલીક વખત પુરતા ભાવો ન મળતા કૃષિકાર્યો પાછળ વેઠેલા સમય અને નાણાંનો મોટો દુર્વ્યય વેઠવાનો વારો આવતા તેઓના માથે આર્થિક સંકટ તોળાઈ રહે છે. જોકે, દિવાળી પૂર્વે ડાંગર, બાજરી, મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય લેવાયા બાદ એપીએમસી માર્કેટો પર ખરીદી પ્રક્રિયા હાથ ધરાઈ છે. ત્યારે વિરપુર એપીએમસીમાં માર્કેટ યાર્ડમાં ચણાની ખરીદી પ્રારંભ કરવામાં આવ્યો હતો. વિરપુર અને બાલાસિનોર તાલુકાના ૩૮૪ ખેડૂતો રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. ત્યારે પ્રથમ દિવસે ખેડૂતો પોતાના ચણા વેચવા માટે દોડી આવ્યા હતા. ચણાની ખરીદીના પ્રથમ દિવસે ૭૪.૫ મેં.ટન ચણાની આવક નોંધાઇ હતી. આ કાર્યક્રમમાં એપીએમસીના ચેરમેન પટેલ બાલુભાઈ પી, સેક્રેટરી પ્રણવભાઈ એચ પટેલ, કમિટી સભ્ય રાઘુસિંહ પરમાર, જયંતીભાઈ પટેલ, રજનીભાઈ પટેલ ગુજકોમાસોલ પ્રતીનીધી અમિતભાઈ ભરવાડ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં ચણાની ખરીદી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# સંતરામપુર તાલુકાના શિક્ષકોનો પગારથી વંચિત શિક્ષકોની હોળી બગડી

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના ફરજ બજાવતા૧૪૦૦ શિક્ષકોનો ફેબ્રુઆરીના માસનો પગાર ચૂકવવામાં આવ્યો જ નથી. આ કારણે શિક્ષકોનો સૌથી મોટો તહેવાર ઘણા તો હોળી તહેવાર બગડી ગયો હતો. શિક્ષકોમાં ભારે રોષ અને નારાજગી વ્યકત કરી હતી. વર્ષ દરમિયાનમાં છ મહિના સુધી શિક્ષકોનો પગાર બીજા મહિનાની છેલ્લી તારીખ સુધીમાં કરવામાં આવે છે. શિક્ષકનો પગાર કરવામાં જિલ્લા શિક્ષણ અધિકારી અને તાલુકા શિક્ષણ અધિકારી જરાય રસ નથી. બીજા જિલ્લા કરતે સંતરામપુર તાલુકાના એવો તાલુકો છે. જ્યાં વર્ષોથી પ્રથા પડી ગયેલી છે. શિક્ષકોને પગાર કરવા માટે બાય બાય ચાની કરવી પડતી હોય છે. મહિસાગર જિલ્લામાં દરેક તાલુકામાં રેગ્યુલર પગાર થતો હોય છે, પરંતુ સંતરામપુર તાલુકામાં બે મહિના પુરા થઇ થઈ જાય છે, પરંતુ પગાર કરવામાં આવતો નથી. તાલુકા શિક્ષણ અધિકારીની અને કલાર્કની વહીવટી કામગીરીમાં નબળી હોવાના કારણે અને બેદરકારીના કારણે આજે ૧૪૦૦ શિક્ષકો અને તેમના પરિવારનો આજે હોળી ફીકી રહી હતી. શિક્ષણ ખાતા કોઈપણ કામગીરી રેગ્યુલર અને સમયસર પૂરી કરવામાં આવતી જ નથી. સંખ્યાબંધ અન્ય કામગીરી પણ પેન્ટિંગમાં જોવાઈ રહી છે. શિક્ષકો આવી કાળઝાળ મોંઘવારીમાં પગાર માટે ફાફા મારવા પડે છે. આના કારણે આજે શિક્ષકો પોતાનું મન મૂકીને હોળીનો તહેવાર કરી શક્યા નહીં, શિક્ષણ અધિકારી અને સ્ટાફ કલાર્કની બેદરકારીનું કારણ બન્યું.

# મને અભ્યાસ કાળ દરમિયાન જે મુશ્કેલી પડી છે તે અન્ય વિદ્યાર્થીઓને ન પડે તે માટે ગુજરાતના અગ્યાર લાખ વિદ્યાર્થીઓ માટે સરકારી બસ ની મુસાફરી તદન ફ્રી કરાવી-શિક્ષણ મંત્રી



લુણાવાડા,
મહિસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના સિમલીયા ગામે આવેલ પ્રગતિ વિદ્યાલય ખાતે આજરોજ ધોરણ બાર સામાન્ય પ્રવાહ માટે નવિન પરિક્ષા કેન્દ્ર ગુજરાત સરકાર દ્વારા મંજુર કરાતા શાળા સંકુલમાં મંત્રી કુંબેરભાઈ ડીંડોરનો આભાર સાથે સન્માન સંમારોહ યોજવામા આવ્યો હતો. કાર્યક્રમમાં પશ્ચિમ રેલ્વેના સભ્ય રીતેષભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ, શાળાના આચાર્ય શિક્ષકો ટ્રસ્ટીગણ ગામ લોકો મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને આગેવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગાવી સાંસ્કૃતિક કાર્યકમ યોજી કરવામાં આવી હતી. ઉપસ્થિત જનમેદની વિદ્યાર્થીઓને ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી કુંબેરભાઈ ડીંડોરે સંબોધીને જણાવ્યું હતું. સિમલીયા તેમજ આજુબાજુના બોર્ડરના વિદ્યાથીઓને પરીક્ષા આપવા પહેલા ફતેપુરા અને હવે સંતરામપુર જવુ પડતું હતું અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. લોકોની પ્રબળ માંગ પગલે ગુજરાતના મુખ્ય મંત્રીને પ્રગતિ વિદ્યાલય ખાતે ધોરણ બારનું નવિન પરીક્ષા કેન્દ્ર શરૂ કરવાની રજુઆત કરી નવિન પરીક્ષા કેન્દ્ર શરૂ કર્યુ છે. જેના ભાગરૂપ રૂપે આજરોજ વિદ્યાર્થીઓને પરીક્ષા રીશીપનું વિતરણ કર્યુ છે, પોતાના વતનમાં પરીક્ષા કેન્દ્ર શરૂ કર્યુ હોવાની વાત સાથે ગરીબ આદિવાસી કુંટુબમાં જન્મ લઈ સંતરામપુર તાલુકાના ભંડારા ગામે થી સંતરામપુર સુધી સરકારી બસમાં બેસી અભ્યાસ કરવા જતા હોવાની વાત કરી તે સમયે ગરીબ પરિસ્થિતને કારણે દશ રૂપિયા પણ મળતા ન હોવાનું કહી કપરી પરિસ્થિતિમાં ભણી ગણી આગળ આવ્યો હોવાનું જણાવી આજે જ્યારે સરકારમાં શિક્ષણ મંત્રીની જવાબદારીનું વહન કરૂ છું. ત્યારે ગુજરાતના કોઇ પણ વિદ્યાર્થીને અભ્યાસ માટે પોતાને પડેલી મુશ્કેલી ન પડે તે માટે ગુજરાતના સંવેદનશીલ મુંખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, વાહન વ્યવહાર મંત્રીને રજુઆત કરી ગુજરાતના અગીયાર લાખ વિદ્યાથીઓ મફતમાં અભ્યાસ માટે મુસાફરી કરી શકે તે માટે મફત બસ પાસ સુવિધા તદન મફત જાહેર કરી હોવાનુ જણાવ્યું હતું. શિક્ષાની સાથે વિદ્યાર્થીઓને ધર્મનું જ્ઞાન મળે તે માટે અભ્યાસ ક્રમમાં શ્રીમદ્ ભાગવત ગીતાનું જ્ઞાન પણ પિરસાશે તે માટે ની પણ જાહેરાત કરાઈ હોવાની વાત કરી. સંતરામપુર તાલુકામાં રોડ રસ્તા, વિજળી, પાણી ૬૬ કેવી સબ સ્ટેશન, શાળા સંકુલો, આંગણવાડીઓ, માનગઢધામ નો વિકાસ સહિત વિવિધ યોજનાઓમાં આજદીન સુધી તાલુકાના વિકાસ માટે ૮૦૦ કરોડ રૂપિયાના કામો થયા હોવાનુ કહ્યુ હતુ.

# મહીસાગર જિલ્લા સંકલન સમિતિ ભાગ-૧ અને ૨ ની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાઇ



લુણાવાડા,
મહિસાગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની ભાગ ૧ અને ૨ ની બેઠક જિલ્લા કલેકટર ડૉ.મનીષકુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન કલેક્ટરની કચેરીના સભાખંડમાં યોજાઈ હતી.

આ બેઠકમાં કલેકટરએ જનસુખાકારીના વિકાસના કામોને અગ્રતા આપી નિયત અવધિમાં પૂર્ણ કરી લોકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરવી એ આપણુંકર્તવ્ય છે. જેથી જનહિતને લગતા વીજળી, રસ્તા, પીવાના પાણી, સિંચાઈ, આરોગ્ય તેમજ શિક્ષણ વગેરે પ્રશ્નો ને સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહી પોતાના વિભાગ દ્વારા અપાયેલા લક્ષ્યાંક અને સિદ્ધિ અંગે પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું જેને કલેકટરએ નિહાળ્યું હતું. આ પ્રેઝનટેશનમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગેની આંકડાકીય વિગતો રજુ કરવામાં આવી હતી આ પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ તેઓએ બાકી કામોના લક્ષ્યાંકો ઝડપી અને સમયસર પૂર્ણ કરી પત્રકો નિયમિત મોકલી તેની ડેટા એન્ટ્રી કરાવી લેવા જણાવ્યું હતું. વધુમાં અરજદારની પડતર અરજીઓ, નાગરીક અધિકારપત્ર ની અરજીના નિકાલ, કચેરીની તપાસણી, બાકી સરકારી લેણાંની વસૂલાતની ઝુંબેશ, સરકારી કર્મચારીના બાકી પેન્શન કેશ વગેરે બાબતો અંગેની સમીક્ષા કરી સંબધિતોને જરૂરી સુચનો કર્યા હતા.

જિલ્લા સંકલન તેમજ ફરિયાદ સમિતિની બેઠકમાં પદાધિકારીઓ તરફથી રજૂ થયેલાં પ્રશ્નોની સમીક્ષા કરતાં કલેક્ટર દ્વારા જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરી, સમય મર્યાદામાં તે પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવક, જિલ્લા પોલીસ વડા આર.પી.બારોટ, ઈન ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી અને ડીઆરડીએ ડાયરેક્ટર જે.કે.જાદવ, પ્રાંત અધિકારીઓ, તથા જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જીલ્લામાં અલગ-અલગ સ્થળેથી ૯.૮૩ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,
દાહોદ જિલ્લા પોલીસે હોળીના તહેવાર દરમિયાન પોલીસે પાંચ જુદી-જુદી જગ્યાએથી ૨,૭૭,૮૬૦/- રૂપિયાના વિદેશી દારૂના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડયા છે. જયારે અન્ય ચાર ઈસમો પોલીસને ચકમો આપી ફરાર થવામાં સફળ થયા છે. પોલીસે પ્રોહીના ઉપરોક્ત બનાવોમાં વિદેશી દારૂનો જથ્થો, ફોરવીલ ગાડીઓ, મોબાઇલ ફોન મળી કુલ ૯,૮૩૩૬૦/- રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ કુલ ૧૦ લોકો વિરૂદ્ધ ગુનો દાખલ કરતા બુટલેગર તત્વોમાં ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

પ્રોહીનો પ્રથમ બનાવ ગરબાડા તાલુકાના ચંદલા ગામે બનવા પામ્યો છે. જેમાં મધ્યપ્રદેશ તરફથી GJ-17-BN-5011 નંબરની સ્કોર્પિયો ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો ભરી આવતો ઈસમ રસ્તામાં ચંદલા ગામે વરઝર જવાના રસ્તે પોલીસની નાકાબંધી જોઈ રાત્રિના અંધારામાં સ્કોર્પિયો ગાડી સાઈડમાં મુકી ભાગી ગયો હતો. ત્યાર બાદ પોલીસે ફોરવીલ ગાડીની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૩૬,૦૦૦/- કિંમતની બિયરની ૩૬૦ બોટલ મળી આવતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો તેમજ ત્રણ લાખ રૂપિયાનીસ્કોર્પિયો ગાડી મળી ૩,૩૬,૦૦૦/- નો મુદ્દામાલ કબજે કરી દેશી દારૂની હેરફેરમાં સામેલ બુટલેગર વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ ફતેપુરા તાલુકાના વડવાસ ગામે બનવા પામ્યો છે. જેમાં દાહોદ શહેરના સુખદેવ કાકા હરિજનવાસનો રહેવાસી સંતોષભાઈ સોમાભાઈ ચૌહાણ તેમજ ફળવા સરકારી દારૂની દુકાન નો માલિક રાજેન્દ્રભાઈ મંગુલાલ કલાલ રહે.નવાગામ રાજસ્થાન પોતાના કબ્જાની GJ-20-AH-9297 નંબરની ઈકો ગાડીમાં હાર્દિક નામના વ્યક્તિ પાસેથી દારૂનો જથ્થો ભરી ફતેપુરા તરફ આવી રહ્યા હતા. તે સમયે રસ્તામાં વડવાસ ગામે ઉડાવેલા ફળિયામાં પોલીસે વોચ દરમિયાન ઈકો ગાડીને રોકતા રાજેન્દ્રભાઈ મંગુલાલ કલાલ પોલીસને ચકમો આપી ભાગી ગયો હતો. જ્યારે પોલીસે સંતોષ સોમાભાઈ ચૌહાણ ને ઝડપી પાડી ઈકો ગાડીની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૧ પેટીઓમાં ૮૫,૬૮૦/- કિંમતની ૧૦૦૮ બોટલો મળી આવતા પોલીસે પોલીસે વિદેશી દારૂનો જથ્થો, ૩૦૦૦ કિંમત નો મોબાઈલ ફોન તેમજ ૩ લાખની ઈકો ગાડી મળી કુલ ૩,૮૮,૬૮૦/- ના મુદ્દામાલ સાથે પકડાયેલ સંતોષ ભાઈ ચૌહાણને જેલભેગો કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ કુલ ચાર ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો ત્રીજો બનાવ ઝાલોદ તાલુકાના ઠુંઠી કંકાસીયા ગામે બનવા પામ્યો છે જેમાં રાજસ્થાનના બાસવાડા સજ્જનગઢ તાલુકાના ગોચકા બારીયા ફળિયાના રહેવાસી અનિલભાઈ મનોજભાઈ બારીયા તેમજ બસીલભાઈ અમારાભાઈ બારીયા પોતાના કબ્જાની Gj-17-AH 2703 નંબરની ઈન્ડિકા ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ઝાલોદ તરફ આવી રહ્યા હતા. ત્યારે રસ્તામાં ઠુંઠી કંકાસીયા ગામે અનાસ નદીના પુલ પાસે વોચમાં ઊભેલી ઝાલોદ પોલીસે ગાડી ને ઉભી રાખતા ગાડીમાં બેઠેલા અનિલભાઈ મનોજભાઈ બારીયા પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા હતા. જયારે પોલીસે બસીલભાઈ અમારાભાઈ બારીયાને ઝડપી ગાડીની તલાશી લેતા તેમાંથી બિયરની ૮ પેટીઓ, જુદા-જુદા માર્કની દારૂ-બિયર ૨૮૮ બોટલો મળી ૨૮,૮૦૦/- વિદેશી દારૂનો જથ્થો તેમજ એક લાખ રૂપિયાની ફોર વહીલ ગાડી મળી ૧,૩૧,૩૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ ચાર ઈસમો વિરૂધ્ધ પ્રોહી અંગેનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો ચોથો બનાવ દેવગઢ બારિયા તાલુકાના નાના કેલીયા ગામે બનવા પામ્યો છે. જેમાં પોલીસે નિશાળ ફળિયામાં રહેતા ગુલાબભાઈ પ્રતાપભાઈ પટેલના રહેણાંક મકાનમાં દરોડો પાડતા દરોડા દરમિયાન ગુલાબભાઈ પટેલ ઘરે હાજર ન મળતા પોલીસે મકાનની તાલાશી લેતા તેમાંથી તેમજ ખુલ્લા ખેતર માંથી પ્લાસ્ટિકના ક્વાટરરીયા તેમજ કાચના ક્વાટરીયાની ૨૪૦ બોટલો મળી ૩૪,૩૨૦/- રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ ગુલાબભાઈ પ્રતાપભાઈ બારીયા વિરૂદ્ધ પ્રોહીનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો પાંચમો બનાવો લીમખેડા તાલુકાના વિસલંગા ગામે બનવા પામ્યો છે.જેમા ઘાટા ફળિયાના રહેવાસી દેસીંગભાઈ ખાતીયાભાઈ મેડાના રહેણાંક મકાનમાં પોલીસે દરોડો પાડતા દરોડા દરમિયાન દેસીંગભાઈ મેડા ઘરે હાજર ન મળતા પોલીસે તલાસી લેતા મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૦ પેટીઓમાં ૮૫૨ બોટલો મળી ૯૩,૦૬૦/- ના મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ દેસીંગભાઈ ખાતીયાભાઈ મેડા વિરૂદ્ધ પ્રોહી અંગેનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમને ખૂબ સારા પરિણામ આપવા જઈ રહ્યો છે અને તમે જે કામ સમર્પણ સાથે કરો છો તેમાં તમને પૂર્ણ સફળતા મળશે. ઓફિસમાં તમારું મૈત્રીપૂર્ણ વાતાવરણ સર્જાશે અને તમારા સાથીઓ પણ સહયોગ કરશે.

વૃષભ : આજે તમને શુભ ફળ મળશે અને વ્યવસાયમાં જોખમ લેવાથી આજે લાભ થઈ શકે છે. જૂના રોકાણોથી પણ આજે ફાયદો થઈ શકે છે. ધૈર્ય અને હળવા વર્તનથી સમસ્યાઓ સુધારજો.

મિથુન : આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે, પરંતુ ધર્મ, આધ્યાત્મિકતા અને શિક્ષણની બાબતોમાં થોડો સમય આપશો. વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ લાવવાની કોશિશ કરશે.

કર્ક : આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે વ્યવસાયની બાબતમાં કોઈ વિશેષ ડીલને અંતિમ સ્વરૂપ આપી શકો છો.આ દિવસે તમે શારીરિક સુવિધાઓ માટે ખર્ચ કરશો અને તમારા પૈસા પણ વધુ વધશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે ફાયદાકારક છે અને આજે અટકેલા પૈસા મળવાની સંભાવના છે. કાર્ય વર્તન સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપી રહ્યો છે અને તમને ભાગ્યનો પૂરો સહયોગ મળશે. તમારું યોજનાઓમાં ધ્યાનમાં લાગશે. આજે કોઈ કેસ સંબંધિત કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે. આજે ભેટ મળી શકે છે.

તુલા : આજીવિકાની દ્રષ્ટિએ આજનો દિવસ ખૂબ જ મજબૂત છે. દિવસભર લાભ મળશે અને નોકરી મેળવનારાઓને સારી આવક મળવાની અપેક્ષા છે. પરિવાર સુખ અને શાંતિનો આનંદ માણશે અને ભાઈ-બહેનો સાથે આનંદ કરશો.

વૃશ્ચિક : આજનો દિવસ સારો પરિણામ આપવા જઈ રહ્યો છે. રચનાત્મક કાર્યોમાં સામેલ લોકોને સફળતા મળશે અને ભાગ્યની સહાયથી અધૂરા કાર્યો પૂરા થતાં જોવામાં આવશે. તમે જે કામ સૌથી વધુ પસંદ કરો છો તે આજે થશે.

ધનુ : આજનો દિવસ સામાન્ય છે અને રોમેન્ટિક સંબંધ સમરસતા સ્થાપિત કરશે. ભાગીદારીમાં આજે થયેલ કાર્ય શુભ ફળ આપશે અને રોકાણમાં લાભ મળશે. આજે તમારા ધંધામાં નફો નોંધપાત્ર વધશે.

મકર : આજે તમારે પરસ્પર વાટાઘાટોમાં સંયમ અને સાવધાની રાખવાની જરૂર છે. ખાતરી રાખો કે તમારી આસપાસના લોકો સાથે કોઈ વિરોધાભાસ નથી. વાણી પર નિયંત્રણ રાખો અને ક્રોધને કાબૂમાં રાખો. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

કુંભ : આજે તમારા માટે થોડો પડકાર રહી શકે છે. સાવચેત અને જાગૃત રહેવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. રોજિંદા કામ ઉપરાંત, તમે કંઈક નવું કરવાનો પ્રયત્ન કરશો તો ફાયદાકારક રહેશે.

મીન : આજનો દિવસ થોડો સાવધ રહેવાનો છે અને તમારા સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પણ થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. નહીં તો તમારું નુકસાન થઈ શકે છે. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

આઝાદી નો અમૃત મહોત્સવ

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

ગુજરાત બજેટ 2022-2023

ગરવી ગુજરાતની નવી ઓળખાણ
**સશક્ત મહિલા, સ્વસ્થ બાળ**

મહિલા અને બાળ વિકાસ
વિભાગ માટે કુલ ₹4,976 કરોડ



**મહિલા અને બાળ વિકાસ**

"સુપોષિત માતા-સ્વસ્થ બાળ યોજના" માં
પરિવારદીઠ 1 હજાર દિવસ સુધી દર મહિને
1 કિલો તુવેર દાળ, 2 કિલો ચણા અને
1 લીટર ખાદ્યતેલ વિનામૂલ્યે આપવા
આગામી વર્ષમાં ₹811 કરોડ વપરાશે

"આંગણવાડી કાર્યક્રમ"માં
બાળકોનાં પોષણ, પૂર્વ શિક્ષણ
અને અન્ય સુવિધાઓ
માટે ₹1,153 કરોડ વપરાશે

આદિજાતિ વસ્તીનું બાહુલ્ય ધરાવતા
72 તાલુકામાં સગર્ભાઓને પૂરક પોષણ
આપતી "પોષણ સુધા યોજના"ના
વિસ્તરણ અર્થે તથા પ્રતિ વ્યક્તિ થતા ખર્ચમાં
50 ટકાના વધારા સાથે ₹118 કરોડ વપરાશે

11 લાખ "ગંગા સ્વરૂપા બહેનોની સહાય"
અર્થે ₹917 કરોડ વપરાશે

11 થી 18 વર્ષની કિશોરીઓના પોષણ
અને આરોગ્યલક્ષી શિક્ષણ અર્થે
"પૂર્ણા યોજના"માં ₹365 કરોડ વપરાશે

"વ્હાલી દીકરી યોજના" અંતર્ગત
1 લાખ જેટલી દીકરીઓને વિવિધ તબક્કે
₹1 લાખ સુધીની નાણાકીય સહાય આપવા માટે
એલ.આઇ.સી.નું પ્રીમિયમ ભરવા
અર્થે ₹80 કરોડ ખર્ચાશે

ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં નંદઘર
બાંધકામ સાથે અન્ય માળખાકીય સુવિધાઓ
માટે ₹31 કરોડ ખર્ચાશે

1,000 દિવસની કાળજી
જીવનભર મા-બાળક રાજી

સુપોષિત માતા, સ્વસ્થ બાળ,
દેશના ભાવિનું કલ્યાણ






# દાહોદના આદિવાસીઓમાં "ચુલના મેળા"ની પ્રાચીન પરંપરા મુજબ ઊજવણી કરવામાં આવી





દાહોદ,

આદિવાસીઓમાં હોળી અને ધુળેટી ઉપરાંત ચૂલના મેળા નું એક આગવું મહત્વ છે. ત્યારે દાહોદના આદિવાસીઓમાં હોળી સામાન્ય રીતે એક મહિનાની હોય છે. ડાંડા રોપણી પૂનમથી શરૂ થયેલી હોળી એક મહિના સુધી એટલે કે ફાગણી પૂનમ સુધી ચાલે છે. હોળીનો દાંડો રોપાઈ ગયા બાદ રોજ સાંજે ગામના પટેલ સહિત વડીલો અને સ્ત્રીઓ ભેગા થાય છે. તે જગ્યાએ જઈને ઢોલ નગારા વગાડીને સામૂહિક રીતે નાચ-ગાન કરે છે, ભારે હર્ષોલ્લાસ મનાવે છે. તેમજ દાંડો રોપ્યો હોય તે જગ્યાએ છાણામાં ભેજ કેટલો વળ્યો છે. તે પ્રમાણે વર્ષ કેવું જશે તેની આગાહી કરવામાં આવે છે.આદિવાસી સંશોધક અને ઈતિહાસ ના પ્રોફેસર ડો. ગણેશ નિસરતા જણાવે છે કે " ટીટોડીના ઈંડા ટેકરા ઉપર છે કે નદીના પટ ઉપર છે તેના ઉપરથી બેસતુ ચોમાસુ કેવું જશે તેની આગાહી થાય છે. જો ઈંડા એક જ દિશામાં હોય તો ચોમાસા ના પૂરેપૂરા ચાર મહિના વરસાદ પડશે તે નક્કી થાય છે. જ્યારે આડા-અવળા હોય તો માન્યતા પ્રમાણે વરસાદ પૂરો પડશે કે ઓછો રહેશે તે નક્કી કરવામાં આવે છે. તે મુજબ હોળીમાં પણ આગલું વર્ષ કેવું જશે તે નક્કી કરવાની માન્યતા આદીવાસીઓમાં આજે પણ છે"તે ઉપરાંત બીજી એક પરંપરા એ પણ છે. હોળી ઠંડી કરવી અને ચુલના મેળાની ? રણીયાર ગામે તારીખ ૧૮-૦૧-૨૦૨૨ ના રોજ આ ચૂલનો મેળો ઉજવવામાં આવ્યો હતો. તેમાં હજારો યુવક-યુવતીઓ મેળામાં આવ્યા હતા. દિવસ દરમિયાન બાધા-માનતા લઈને ઉપવાસ કરી, ભીલો આ મેળામાં આવીને પોતાની બાધા પૂર્ણ કરવા મેળા ની પરંપરા પ્રમાણે પ્રજ્વલિત અગ્નિ ઉપર ચાલે છે કે, જેનાથી કોઈપણ પ્રકારનો રોગ નહીં થાય, તેમજ અગાઉ થયેલી ભૂલોનું પુનરાવર્તન ન થાય અને અનેક રોગોથી છુટકારો મળે એવી ખાસ માન્યતા છે. આ માન્યતા આજે પણ અકબંધ જોવા મળે છે. તેમજ આ સમય દરમિયાન ભીલો ખેતી કામ પરવારીને નવરાશ નો સમય ભોગવતા હોવાથી મેળામાં અચૂક રીતે આવે છે. અને હોળી બાદ તેઓ પોતાના લગ્ન પ્રસંગ હોય કે પછી કોઈપણ સારા કામની શરૂઆત કરે છે. તેથી આદિવાસીઓ માટે મેળો અતિ મહત્વનો છે. ઝાલોદ તાલુકાના રણીયાર ગામે આજના આ મેળામાં તાલુકા સભ્ય રાધાબેન બીરેનભાઈ ભાભોર, સરપંચ કલ્પનાબેન જીતેન્દ્રભાઈ ભાભોર, ડેપ્યુટી સરપંચ અંબાબેન નરસિંહ ભાભોર તથા સમગ્ર ગામના આગેવાનો સહિત તથા પોલીસનો ચાંપતો બંદોબસ્ત હોવાના લીધે અનિચ્છનીય ઘટના બની નથી અને મેળો શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો.

# દાહોદ શહેર અને જીલ્લામાં હોળી-ધુળેટી પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં લોકોએ હોળી અને ધૂળેટી પર્વની ધાર્મિક રીતે તેમજ ધામધૂમ પૂર્વક ઉજવણી કરી હતી. હોળીના દિવસે લોકોએ હોળી પૂજન કરી ત્યારબાદ બીજા દિવસે ધૂળેટી પર્વની એકબીજાને કલર રંગ ગુલાલ છાંટી ધૂળેટી પર્વની ઉજવણી કરી હતી.

કોરોના વૈશ્વિક મહામારી છેલ્લા બે વર્ષમાં અનેક નાના મોટા તહેવારોમાં રંગમાં ભંગ પડ્યો હતો. ત્યારે આ વર્ષે કોરોના થી રાહત મળતાં લોકોએ હોળી ધુળેટી તહેવારની ધાર્મિક રીતે અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. હોળીના દિવસે લોકોએ હોળીની પૂજા કરી પોતાની માનતાઓ પૂરી કરી હતી. ત્યારે બીજી તરફ બીજા દિવસે ધુળેટી પર્વે એકબીજાને કલર ગુલાલ છાંટી ધૂળેટી પર્વની પણ હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. દાહોદ જિલ્લામાં હોળી અને ધુળેટી પર્વે મેળાઓ સહિત અનેક કાર્યક્રમો પણ યોજાયા હતા. જેમાં ખાસ કરીને ચૂલના મેળાએ આકર્ષણનું કેન્દ્ર જણાવ્યું હતું. ચૂલના મેળામાં શ્રદ્ધાળુઓ ગરમ ચુલ પર ચાલી પોતાની માનતાઓ પૂરી કરી હતી. દાહોદ જિલ્લામાં ભરાતાં ચૂલનો મેળો પરંપરાગત અને વર્ષોથી ભરાતો આવ્યો છે પરંતુ છેલ્લા બે વર્ષના સમયગાળા દરમિયાન કોરોના મહામારી ના કારણે આ મેળો ભરાતો ન હતો પરંતુ આ વર્ષે આ મેળો ભરાતા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મેળામાં ઉમટી પડ્યા હતા. દાહોદ જિલ્લો આદિવાસી અને ગ્રામ્ય વિસ્તાર ધરાવતો જિલ્લો છે અને તેમાંય ખાસ કરીને હોળી ધુળેટી તહેવારનું આગવું મહત્ત્વ ધરાવે છે. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં પણ લોકોએ ધાર્મિક રીતે અને ધામધૂમપૂર્વક હોળી ધુળેટીની ઉજવણી કરી હતી.

# ફતેપુરા થી ગલીયાકોટ જવા માટે દાઉદી વ્હોરા સમાજના ભાઇઓ-બહેનોની પદયાત્રા રવાના થઇ



દાહોદ,

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા નગરમાં થી આજરોજ ફતેપુરા થી ગલીયાકોટ જવામાટે દાઉદી વ્હોરા સમાજના ભાઈઓ-બહેનો પદયાત્રા કરી રવાના થયા હતા. હર સાલ ધુળેટીના દિવસે દિવસે દાઉદી વ્હોરા સમાજના ભાઈઓ-બહેનો ગલીયાકોટ મુકામે આવેલ ફકરૂદીન શહીદ બાબજી મૌલાની દરગાહ પર જીયારત કરવા માટે જાય છે. ધુળેટીના દિવસે દાહોદ થી સાંજના સમયે ફતેપુરા આવવા માટે વાહનો દ્વારા આવી પહોંચે છે. ફતેપુરા મુકામે નમાઝ પડી ત્યારબાદ મજાલીસ કરવામાં આવે જનાબ તાહેરભાઈ સાબની સદારતમાં મજલીસ થયેલ હતી. જેમાં ઈમામ હુસેનનો પૂરજોશમાં માતમ કરી સૈયદના ડોક્ટર સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનની ઉંમર દરાજી માટેની દુઆ કરવામાં આવે છે. તે બાદ સામુહિક ભોજન જમવામાં આવે છે. તે બાદ દાઉદી વોરા ભાઈઓ બહેનો ગલીયાકોટ જવા માટે રવાના થાય છે. સવારના સમયે ગલીયાકોટ પહોંચી બાબજી શહીદની જીયારત કરી સૈયદના ની સેહત માટે અને લાંબી ઉંમર માટે દુઆ કરવામાં આવે છે. છેલ્લા ૨૪ વર્ષથી પદયાત્રાનો સિલસિલો નિરંતર ચાલી રહેલ છે. કોરોના મહામારી લઈને છેલ્લા બે વર્ષથી આ કાર્યક્રમ બંધ રાખવામાં આવેલ હતો. બે વર્ષ પછી પુના પદયાત્રાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિવિધ શહેરોમાંથી આવેલા દાઉદી વોરા સમાજના ભાઈઓ-બહેનો આશરે હજારથી વધુ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ માટે વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર પી.એસ.આઈ.સી.બી. બરંડા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવેલ હતો અને ફતેપુરાના બાબજી ગ્રુપના વોલિયન્ટર ભાઈઓએ ભારે જહેમત ઊઠાવી હતી.

# ગરબાડાના ચંદલા ગામે ખેતરમાં આગ લાગતાં છ ખેતરો માંથી ઘઉંનો પાક બળીને ખાખ થયો



દાહોદ,

ગરબાડા તાલુકાના ચંદલા ગામ ખાતે વેડ ફળીયામાં રહેતા ભારતભાઈ મકનાભાઈ બદુભાઈ દિતાભાઈ અને લાલાભાઈ મકનભાઈ માનસિંગ પરથીભાઈ અભેસિંગ પરથી કસનાભાઈ દિતાભાઈ રત્નાભાઈ દિતાભાઈ ના છ ખેતરોમાં આગ લાગતા ઘઉંનો તૈયાર પાક બળીને ખાખ થઈ ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના ગામ ચદલા ખાતે અચાનક ખેતરમાં લાગેલી આગમાં ઘઉંનો છ લોકોનો તૈયાર પાક બળીને ખાખ થઈ ગયો હતો. આગ લાગવાની જાણ ખેતરના માલિકને થતા તેઓ ખેતરમાં દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવીને આગ ઓલવી હતી. આંમ, ઘઉંના ખેતરમાં લાગેલી આગમાં ઘઉં તૈયાર પાક બળી જતા ખેતરના ખેડૂતોને ભારે નુકસાન થયું હતું. જેમાં તંત્ર દ્વારા તેમને સહાય આપવામાં આવે તેવી લોકમાંગ ઉઠી હતી.

## પંચમહાલ જિલ્લાનાં શહેરા તાલુકાના ધામણોદ ગામથી

# પાંચમા તબક્કાનાં સુજલામ સુફલામ જળસંચય અભિયાનનોપ્રારંભ કરાવતા વિધાનસભા ઉપાધ્યક્ષ

શહેરા.

શહેરા તાલુકાના ધામણોદ ગામ ખાતેથી પાંચમા તબક્કાના સુજલામ સુફલામ જળસંચય અભિયાનનો પ્રારંભ વિધાનસભા ગૃહ ના ઉપાધ્યક્ષ દ્વારા કરાવવામાં આવ્યો હતો. જિલ્લામાં રૂપિયા ૬૫૦ લાખના ખર્ચે પપર જળસંચય કામો હાથ ધરાશે.

શહેરાનાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડનાં વરદહસ્તે આજે પંચમહાલ જિલ્લામાં સુજલામ સુફલામ જળસંચય અભિયાન-૨૦૨૨નો શુભારંભ કાર્યક્મ તાલુકાનાં ધામણોદ ખાતે રાખવામા આવ્યો હતો. ધારાસભ્ય જેઠા ભરવાડ તેમજ કલેકટર ની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરીને સુજલામ સુફલામ જળસંચય અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાનનો પ્રારંભ કરાવતા ઉપાધ્યક્ષ એ જણાવ્યું હતું કે ૩૧મી મે સુધી ચાલનારા આ અભિયાન અંતર્ગત જિલ્લામાં રૂ.૬૫૦ લાખનાં ખર્ચે પપર જળસંચયનાં કાર્યો હાથ ધરવામાં આવશે. રાજયનાં દરેક ખૂણાનાં નાના ખેડૂતોને પણ સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરાવવાનાં સરકારનાં પ્રયાસો અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે અંતરિયાળ વિસ્તારોમાં જયાં જળસંચયનાં કાર્યો લોકભાગીદારીથી કરવા માટે એન.જી.ઓ ઉપલબ્ધ નથી ત્યાં તળાવ ઉંડા કરવા સહિતનાં જળસંચયનાં કાર્યો માટે સરકાર ૬૦ ટકાનાં બદલે ૧૦૦ ટકા રકમ ફાળવવા માટે મંજૂરી આપી છે, જેનો લાભ શહેરા તાલુકાનાં ૪૫થી વધુ ગામોને મળવાનો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

છે. શહેરા તાલુકા સહિત જિલ્લામાં પાણીની સુવિધા અને સિંચાઈની સુવિધાઓ વિષયક કાર્યોનો ચિતાર આપતા તેમણે જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા હાથ ધરાયેલા જળસંચયના કાર્યોના પરિણામે બહેનોને આજે પાણીનાં બેડાનાં ભારમાંથી મૂક્તિ મળી છે. નળ સે જળ અભિયાન અંતર્ગત શહેરા તાલુકામાં જ ૧૦૦ કરોડનાં ખર્ચે આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવી છે એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે ટૂંક સમયમાં સમગ્ર ગુજરાતનાં દરેક નાગરિકને સરકાર ઘરેબેઠા નળથી પાણી આપશે. આ જળ અભિયાન દ્વારા ગુજરાતના નાના-નાના ગામડાઓની સાથે પાણીની જરૂરીયાતવાળા વિસ્તારોની પાણીની જરૂરીયાતને પૂર્ણ કરવા સબંધિત વિસ્તારોમાં તળાવો ઉંડા કરવા, ચેકડેમના ડિસીલ્ટિંગના કામો, જળાશયના ડિસીલ્ટિંગના કામો, નદીઓના કાંસની સાફ-સફાઈ કરી પુનઃ જીવીત કરવાના કામો, ચેકડેમ રીપેરીંગ તેમજ નવા ચેકડેમ જેવા જળસંચયના કામો સુજલામ-સુફલામ જળ અભિયાન હેઠળ કરવામાં આવે છે, તેમ જણાવી સરકારના જળ અભિયાનનાં અભિનવ યજ્ઞકાર્યને લોકસહયોગ દ્વારા વેગ આપવા અનુરોધ કર્યો હતો.

એક સમય એવો હતો કે, ગુજરાતમાં દુષ્કાળની પરિસ્થિતિનું નિર્માણ થતું હતું પરતું તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના હાલના પ્રધાનમંત્રીનરેન્દ્રભાઈ મોદીએ પાણીના સંકટનાં નિવારણ માટે ગામે-ગામે જળસંચયનો વિચાર અમલમાં મુક્યો, ગામમાં ચેક ડેમ, ખેત તલાવડીનું નિર્માણ, બોરીબંધ જેવા કાર્યોથી ગામનું પાણી ગામમાં રહે તેવી જળ વ્યવસ્થા કાર્યરત કરી. જળ અભિયાનથી કૂવા-તળાવોના જળ સ્તર ઉચા આવ્યા છે, જેને લીધે ખેડૂત બારેમાસ ખેતીના પાક લઈ શકે છે, તો વળી જળ સંચયનાં કામો આરંભાતા આદિજાતિ વિસ્તારોમાં મનરેગા થકી રોજગારીના નવા અવસરો ઉભા થયા છે.

સુજલામ સુફલામ અભિયાન-૨૦૨૨ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા ૨૫૦ તળાવો ઉંડા કરવાનાં, ૧૫૦ ચેકડેમ ડિસીલ્ટીંગ કરવાનાં, ૨૦ નહેરની સફાઈ કરવાનાં, ૩૫ વન તલાવડી બનાવવાનાં કામો, ૫ નદીઓને પુનઃજિવીત કરવાનાં કામ તથા ૬૦ ચેકડેમ મરામતનાં કામો, ૩૦ ટાંકી/સંપ/ઈન્ટેક સ્ટ્રક્ચર, કાંસ સાફ-સફાઈ, વોટર ડ્રેઈનેજની સાફસફાઈનાં કામ મળી કુલ પપર કામો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનાથી આશરે ૩૦ લાખ ઘનફૂટ વધારાનાં પાણીનો સંગ્રહ થવા પામશે. આ કાર્યો માટે રૂ.૬૫૦ લાખનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત, આ કાર્યોથી આશરે ૨૬૦૦ માનવદિન જેટલી રોજગારી પણ ઉત્પન્ન થશે. વર્ષ ૨૦૧૮માં જળસંચયનાં ૧૩૮૨, વર્ષ ૨૦૧૯માં ૪૪૭, વર્ષ ૨૦૨૦માં ૩૯૬, વર્ષ ૨૦૨૧માં ૫૫૩ મળીને જિલ્લામાં કુલ ૩૦૭૮ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. જેનાં પગલે ૧૬ હજાર કરતા વધુ માનવદિનોની રોજગારી પણ ઉપલબ્ધ થઈ છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખકામિની બેન સોલંકી,જિલ્લા કલેકટર સુજલમયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, પાનમ સિંચાઇ વિભાગના કાર્યપાલક ઈજનેરવી.આર. તલાર અને વિવિધ ગામોના સરપંચો સહિત ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ જિલ્લા શહેરમાં આવેલ નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરીમાં ફરજ બજાવતા સ્વર્ગસ્થ ડાયાભાઈ એ પરમારની વારસ પત્નીને પેન્શન સહિતના તમામ લાભો આપવા નામદાર ગુજરાત હાઈકોર્ટનો આખરી આદેશ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે આવેલ નાયબ કાર્યપાલક ઈજનેર પંચાયત મા અને મ પેટા વિભાગમાં રોજમદાર મજૂર તરીકે તારીખ ૩૦/૭/૮૯ તરીકે ફરજ બજાવતા ડાયાભાઈ અંદર સિંહ પરમાર કે જેઓને તેમની નોકરીના દરમિયાન સરકારના નિયત કરેલ ગુજરાત સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ના પરિપત્ર મુજબ તમામ લાભો આપવામાં આવતા હતા અરજદારે તેમની નોકરી ના સમય દરમિયાન અતૂટ બ્રેક સિવાયની સળંગ નોકરી કરી પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ કામગીરી કરેલ જેને લઈ સરકારના નીતી નિયમો મુજબ પાંચ વર્ષ ૧૦ વર્ષ મુજબના હુકમ પણ આપવામાં આવેલ અને તે મુજબ તેમનું પગારધોરણ પણ નક્કી કરવામાં આવેલ જેઓની નિવૃત્તિની તારીખ ૩૧/૧૦ /૧૯ ના રોજ પૂરી થતી હતી હતી પરંતુ તેઓ નિવૃત્ત થતાં પહેલાં તારીખ ૩૧/૫/૧૬ રોજ અવસાન પામેલ ત્યારબાદ તેમના વારસ પત્ની સુમિત્રા દ્વારા આ કામના સામાવાળા સેક્રેટરી સ્ટેટ ઓફ ગુજરાતવિભાગ પંચાયત રૂલર એન્ડ હાઉસિંગગાંધીનગરતથા પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કમિશનર સચિવાલય તથા કાર્યપાલક ઈજનેર અને નાયબ કાર્યપાલક ગોધરા જિલ્લો પંચમહાલ ની કચેરીમાં વારંવાર તેમના ફેમિલી પેન્શન મેળવવા માટે રજૂઆતો કરે પરંતુ તે બાબતે સરકારી અધિકારીઓ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી જે થકી નારાજ થઈ ગુજરાતના વારસ પત્ની સુમિત્રાબેન ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ એસ ભોઈ સંપર્ક કરી તેમને મળવાપાત્ર ફેમિલી પેન્શન તથા અન્ય લાભો મેળવવા રજૂઆત કરાતાં ફેડરેશને લાગતા વળગતા સરકારી અધિકારીઓને ફેમિલી પેન્શનતથા અન્ય લાભોચૂકવવા બાબતે નોટીસ આપેલો પરંતુ સમય મર્યાદામાં યોગ્ય પ્રત્યુત્તર ન મળતા ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ નંબર ૧૪૯૪૮/૨૧ દાખલ કરેલ ચાલી જતા કેસમા પડેલા પુરાવા આધારિત એડવોકેટ દિપક આર દવે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ હાજર રહી દલીલો કરતા એમની દલીલો ગ્રાહ્ય રાખી તારીખ ૧૮/૨/૨૨ના રોજ અરજદાર ની માગ્યા મુજબની દાદ મંજુર કરતો આદેશ નામદાર ગુજરાત હાઈકોર્ટ ના માનનીય ન્યાયમૂર્તિ બીરેન વૈષ્ણવ આદેશ કરતા ગુજરાતના વારસ પરિવારને લાંબા સમય બાદ ફેમિલી પેન્શન તથા અન્ય લાભો જેવા કે ૩૦૦ રજા ગુજરનાર ની રોજમદાર તરીકેની ૧૦વર્ષની સળંગ નોકરી ગણી ગ્રેજ્યુટી તફાવત રકમ તથા અન્ય લાભો મળતા ગુજરનાર ના વારસ પરિવારમાં રાહત અને આનંદ છવાયો છે.




## શહેરા તાલુકામાં બે વર્ષ બાદ હોળી-ધુળેટી પર્વની ઉલ્લાસભેર ઉજવણી

શહેરા,

શહેરા સહિત જીલ્લાભર મા બે વર્ષ પછી હોળી ધુળેટી પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામા આવી હતી. નગર અને તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ઠેર ઠેર હોલિકા દહન કરવા સાથે ધુળેટીના દિવસે નાના થી લઈને મોટેરાઓ રંગબેરંગી રંગોથી રંગાઈ ગયા હતા. ગ્રામીણ વિસ્તાર મા ઢોલ નગારાના તાલે હોળીના ગીતો પર લોકો ખુશીથી ઝુમી ઊઠ્યા હતા.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા નગર અને તાલુકામાં હોળી ધુળેટી પર્વની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. નગરમાં હોળી ચકલા, જાગેશ્વર મહાદેવ મંદિર પાસેઅને ગ્રામીણ વિસ્તારમાં ઠેર ઠેર શાસ્ત્રોક્ત વિધી અનુસાર પૂજન અને અર્ચન કરીને હોલિકા દહન કરાયું હતું. ધુળેટીના દિવસે સવાર થી જ નાના ભૂલકાઓ કલર સાથે હાથમાં પીચકારી લઈને પાણી છાંટીને રંગ થી રંગતા જોવા મળી રહયા હતા. જ્યારે યુવા વર્ગ સાથેમોટાઓ પણ એકબીજાને રંગો છાંટીને ભૂરા મત માનો ધુળેટી હે તેમ કહી ને ખુશી થી ઝુમી ઉઠ્યા હતા. જ્યારે ગ્રામીણ વિસ્તારમાં આ હોળી પર્વનું ખાસ મહત્વ રહેલુ છે. ઢોલ અને ડીજેના તાલે લોકો ખુશી થી નાચતા હતા. હોળીની રંગત રંગ પાંચમ સૂધી મનાવાતી હોય છે. ખાસ તો હોળી પર્વમાં ઘેરીયાનું વધારે આકર્ષણ જોવા મળી રહેલ હતું. અવનવા વેશભુષા પહેરી, ઘુઘરા બાંધીને ઢોલ-નગારા સાથે ગામના ફળિયાઓમાં જઈને હોળીના ગીતો ગાવા સાથે ગપૂલી રમતા હતા અને ઢોલ નગારાના તાલે ખુશી થી ઝુમતા નજરે પડી રહયા હતા. પર્વ દરમિયાન પોલીસ દ્વારા વિવિધ સ્થળો પર પોલીસ બંદોબસ્ત ગોઠવામાં આવ્યો હતો અને શાંતિપૂર્ણ માહોલમાં હોળી પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

## ગોધરાના એરંડી ગામની ૪૨ વર્ષીય મહિલા કુવામાં પડી મરણ જતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના એરંડી ગામે રહેતી ૪૨ વર્ષીય મહિલાએ કોઇ અગમ્યકારણોસર કુવામાં પડીને મરણ ગયેલ હોય આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના એરંડી ગામે નવલખી ફળીયામાં રહેતા મધુબેન ઉર્ફે મંજુલાબેન મહેન્દ્રસિંહ બારીયા ઉ.વ.૪૨ તા. ૧૯ માર્ચના રોજ કોઇ અગમ્યકારણોસર કુવામાં પડી જતાં મરણ ગયેલ હોય આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે અ.મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હોળી ધુળેટીની શાનદાર ઉજવણી



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

નદીસર,

સતત બે માસના કોરોના કાળ બાદ આ વર્ષે ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના ગામો નદીસર, ધરી, ટીંબા, રતનપુર, કાંકણપુર સહિતના આસપાસના નાના મોટા ગામો તેમજ ફળિયાઓમાં હોળી અને ધૂળેટીના પર્વની જનતા શાનદાર ઉજવણી કરી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં પરંપરાગત રીતે હોલિકા દહન તેમજ ત્યાર બાદ મહિલા ઓ દ્વારા હોળીની આસપાસ બેસીને ગીતો સહિત જે પરિવાર માં વર્ષ દરમિયાન લગ્ન થયા હોય અથવા પુત્રનો જન્મ થયો તેવા પરિવારો દ્વારા મીઠાઈનું વિતરણ કરવા માં આવ્યું હતું. ધુળેટીના દિવસે મોટા ભાગના બજારો બંધ રહ્યા હતા અને પ્રજાજનો એ ઉત્સાહ થી એકબીજા પર વિવિધ રંગો છાંટીને રંગોત્સવની ઉજવણી કરી હતી. તેમજ હોળીની ગોઠ માંગવાની પરંપરા સાથે વિવિધ વાજિંત્રો અને ઢોલ નગારા સાથે વેશભૂષા વાળા ઘેરૈયા નૃત્ય એ ઠેર ઠેર ધૂમ મચાવી હતી.

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ગોધરા એકમની કારોબારી મળી




ગોધરા,

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ગોધરા એકમની આજ રોજ કારોબારીની બેઠક ચમનભાઈ બાલમંદિરમાં મળી હતી. જેમાં મોટી સંખ્યમાં ભૂદેવો ઉપસ્થિત રહ્યાં હતા.

આજની કારોબારી પ્રદેશ ઉપાદયક્ષ આશિતભાઈ ભટ્ટની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં એકમના વિવિધ પદાધિકારીઓને નિમડ્ડક પત્ર આપી તેમની જાહેરાત કરવામાં આવી હતી. એકમ અધ્યક્ષ હિતેશભાઈ ભટ્ટે સ્વાગત પ્રવચન કરી સૌ મહેમાનોને આવકાર્યા હતા. ત્યાર બાદ મહિલા અધ્યક્ષા કાશ્મીરાબેને બહેનોનું વિશાળ સંગઠન બનાવી કરેલ કર્યોની માહિતી આપી હતી. જિલ્લા મહામંત્રી કુનાલભાઈ ત્રિવેદીએ ઉદાહરણ આપી સંગઠનમાં કોઈએ પગના ખેચવા એની જગ્યાએ બીજાનો હાથ પકડી ઉપર લાવવું જોઈએ તેમ જણાવી કહ્યું કે, આજ સાચું સંગઠન છે. ત્યારબાદ જિલ્લા અધ્યક્ષ કાર્તિકભાઈ ત્રિવેદીએ જિલ્લાના તમામ એકમોની કારોબારી પૂર્ણ થઈ છે અને હવે સમાજ માટે આપણે કમરકસીને કામ કરવા જણાવ્યું હતું.

છેલ્લે કાર્યક્રમના અદયક્ષ અને પ્રદેશ ઉપાદયક્ષ આશિત ભટ્ટે જણાવ્યું હતું કે, વિશ્વમાં સાત સંસ્કૃતિ માં થી વિશ્વ માં બે જ પ્રાચીન સંસ્કૃતિ જીવિત છે. તેમાંની એક એ ભારતની સંસ્કૃતિ જેને જીવિત રાખનાર આપણા પૂર્વજો, ઋષી મુનિઓ હતા. બ્રાહ્મણો એ સંગઠન મજબૂત કરવાનું છે. કેમ કે, હિંદુ સંસ્કૃતિને બચાવવી હસે તો એ બ્રાહ્મણે સંગઠિત થવું પડશે. સાથે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ મદય ગુજરાત દ્વારા બિઝનેસ સમિટ અને ભૂદેવ બિઝનેસ નેટવર્ક માટે વિસ્તૃત માહિતી આપી હતી.

ત્યાર બાદ નવનિયુકત પદાધિકારીઓને નિમણુંક પત્ર આપવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એકમ મહામંત્રી કાંતિભાઈ પંડ્યા એ કર્યું હતું. આભાર વિધિ પણ કરી હતી. બ્રહ્મ ભોજન બાદ કારોબારી પૂર્ણ થઈ જાહેર કરવામાં આવી હતી.

Mahisagar Science College

B.Ed, M.Ed, B.C.A. & Diploma In Sanetory Inspector

Haribhai Patel Mo.9925130214
Anilbhai Pandya Mo.9825318406

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.175